# મનપા ચૂંટણી: 120 બેઠક, ભાજપમાં 2078 દાવેદાર

**પાટીદાર** બહુમતીવાળા ત્રણ વોર્ડમાં સરેરાશ 40, ભાજપના ગઢમાં સરેરાશ 80 દાવેદાર નોંધાયા, સ્કાયલેબ પણ આવી શકે



સુરતઃ પાલિકાની ચૂંટણી માટે ભાજપમાં ઉમેદવાર શોધવાની પ્રક્રિયા શુક્રવારે મોડી સાંજે પૂરી થઈ છે. સુરતની 120 બેઠક માટે ભાજપમાંથી ઉમેદવારોએ દાવેદારી કરી છે, જેમાં મૂળ ભાજપના, કોંગ્રેસ-આપમાંથી આવેલા તથા નવા બનેલા કાર્યકરોએ ટિકિટની માંગણી કરી છે.

જો કે, ઉમેદવારોનો રાફડો ફાટ્યો છે. ત્યારે હવે ટિકિટની લોટરી કોને લાગશે તે કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો છે. જ્યાં ભાજપનું જોર ઓછું છે તેવા પાટીદાર વિસ્તારોમાં ઓછા એટલે કે વોર્ડ દીઠ સરેરાશ 40 દાવેદારો જ્યારે ભાજપના ગઢ છે તેવા વોર્ડમાં 60થી લઈને 100થી વધુ એટલે કે સરેરાશ 80 દાવેદાર નોંધાયા છે. જો કે, આ પૈકી મજબૂત ગોડફાધરની આંગળી પકડીને ચાલતા ઘણા એવા નેતાઓ પણ છે, જેણે નિરીક્ષકો સમક્ષ દાવેદારી નહીં કરી હોવા છતાં સ્કાયલેબ રૂપે આવી શકે તેવી ચર્ચા પણ જોરમાં છે.

સુરત પાલિકાના કોર્પોરેટર માટે ઉમેદવારો શોધવા માટે ભાજપને સુરતમાં નિરીક્ષકો મોકલ્યા હતા, જેમાં ત્રણ દિવસ દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા કરવામાં આવી હતી. પહેલા દિવસે 48 બેઠક માટે 800 બીજા દિવસે 48 બેઠક માટે 778, જ્યારે ત્રીજા દિવસે 6 વોર્ડ માટે 500 કાર્યકરે દાદેવારી કરી છે.

આ દાવેદારોએ દાવેદારી કર્યા બાદ ભલામણ માટે પદાધિકારીઓને પોતાના બાયોડેટા આપ્યા છે. ત્યારબાદ સુરતના ધારાસભ્યો અને સાંસદ સાથે નિરીક્ષકોએ ચર્ચા-વિચારણા કરી છે. ત્યાર બાદ પાર્લામેન્ટી બોર્ડમાં તૈયાર થયેલી પેનલ પર ચર્ચા કરાશે અને ત્યાર બાદ ઉમેદવારનાં નામ જાહેર કરાશે. આ પ્રક્રિયા ટૂંકા સમયમાં પૂરી થતાં નજીકના દિવસોમાં નામની જાહેરાત થઈ જશે. પાલિકાની ચૂંટણી માટે ટિકિટની લોટરી કોની લાગે છે તે અંગે અટકળો થઈ રહી છે, તો બીજી તરફ દાવેદારો પોતાના ગોડ ફાધર પાસે પહોંચી ગયા છે અને ટિકિટ માટે ભલામણ કરવા વિનંતી કરી રહ્યા છે.

## આપના શહેર પ્રમુખે દાવો કર્યો અને આપના સીટિંગ કોર્પોરેટર મોનાલી હીરપરાએ ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો

મહાનગરપાલિકાની આગામી ચૂંટણી પૂર્વે રાજકીય ગરમાવો દિવસે ને દિવસે તેજ બનતો જાય છે. ખાસ કરીને પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયેલા પૂર્વ નેતા ધાર્મિક માલવીયા હવે ભાજપમાં છે. તેમણે વોર્ડ નં.2માં ટિકિટ માંગી છે. જો કે, તેનાં પત્ની મોનાલી હીરપરા આ વોર્ડમાંથી આપના સીટિંગ કોર્પોરેટર છે. તેથી પરિવારને લઈને ઊભી થયેલી 'સામસામે' જંગની અટકળો હવે થંભી ગઈ છે. આપના શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ એવો દાવો કર્યો હતો કે, મોનાલી હીરપરાએ આપમાંથી ચૂંટણી લડવા સેન્સ આપી છે. જો કે, મોનાલી હીરપરાએ મૌન તોડતાં સ્પષ્ટતા કરી છે કે તેઓએ ચૂંટણી માટે કોઈ ટિકિટ માંગણી કરી નથી અને ફોર્મ પણ ભર્યું નથી. વકીલાત અને પારિવારિક જવાબદારીઓ સંભાળવાની હોવાથી હાલ રાજકીય પ્રવૃત્તિઓથી દૂર હોવાનું જણાવ્યું છે.

## ભાજપ જિત્યો હોવા છતાં કરંજ- માતાવાડી વોર્ડમાં ઓછા દાવેદારો

સૌરાષ્ટ્રવાસી વિસ્તારમાં વોર્ડ નં.14 ઉમરવાડા-માતાવાડી અને વોર્ડ નં.15 કરંજ-મગોબ એવા વોર્ડ છે, જેમાં છેલ્લી મનપાની ચૂંટણીમાં ભાજપે તમામ 8 બેઠક જીતી છે. આમ છતાં આ વખતે આ બંને વોર્ડમાં દાવેદારોની સંખ્યા અન્ય વોર્ડની સરખામણીએ અડધી જોવા મળી રહી છે. જો કે, તેની પાછળ એવું કારણ છે કે વર્ષ 2021ની ચૂંટણીમાં અહીં રસાકસી જોવા મળી હતી. ઉપરાંત પાટીદાર મતોનું પ્રભુત્વ છે. વોર્ડ પણ નાના છે, તેથી દાવેદારોમાં હજુ પણ આ બે વોર્ડ માટે સંશય હોય તેવી પ્રતીતિ થઇ રહી છે. વોર્ડ નં.14માં આ વખતે 52 અને વોર્ડ નં.15માં 41 દાવેદાર જ નોંધાયા છે.

## દાવેદારી માટે આવેલા જેઠાણીને સપોર્ટ કરવા દેરાણી ઘૂંઘટ તાણીને આવ્યાં

શહેર ભાજપ કાર્યાલયે આજે ટિકિટની દાવેદારી માટે આવેલા નેતાઓમાં ટિકિટ માટે દાવેદારી કરવા આવેલા પશુપાલક સમાજનાં મહિલા દાવેદાર અને તેને સપોર્ટ કરવા સાથે આવેલાં તેમનાં દેરાણીએ કુતૂહલ જગાવ્યું હતું. જેઠાણીએ નિરીક્ષકો સમક્ષ પોતાનો દાવો રજૂ કર્યો હતો. ત્યારે દેરાણી ખભેખભો મિલાવીને સાથે ઊભેલાં જોવા મળ્યાં હતાં. સૌનું ધ્યાન ત્યારે ખેંચાયું જ્યારે દેરાણી પરંપરાગત મર્યાદા જાળવી ઘૂંઘટ તાણીને જેઠાણીને સાથ આપી રહ્યાં હતાં.

## સુરત મનપાની ચૂંટણી માટે ભાજપમાં પ્રત્યેક બેઠક માટે 3-3 ઉમેદવારોની પેનલ

**સંકલન** માટે ધારાસભ્યોને ચોક્કસ સમય નહીં અપાતા કલાકો રાહ જોવી પડી હોય નારાજગી દેખાઇ

**ધારાસભ્યોની** ખેંચતાણ થતાં અમુક વોર્ડમાં એક બેઠક પર ચારથી પાંચ નામો પણ પેનલમાં સમાવાયાં

### નિરીક્ષકોના ગ્રુપમાં 'ઉમેદવારો માટે ગાઇડલાઇન' આવી જતા ઘણા દાવેદારોના સપના રોળાયા

2021માં છેલ્લી ઘડીએ મનપાની ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારોને 60 વર્ષની વય મર્યાદા અને ત્રણ વખત ચુંટણી લડી ચૂક્યા હોય તેને ટિકીટ નહી મળે તેવી ગાઇડલાઇન ભાજપે નક્કી કરતા ઘણા સિનીયર નેતાઓના પત્તા કપાઈ ગયા હતા. ભાજપ હવે એવા જ ઉમેદવારોને ટિકીટ આપશે કે જેઓની ઉંમર તા3.26મી એપ્રિલ, 2026ના રોજ 60 વર્ષથી વધુ થતી નહીં હોય.

સુરત : સુરત મનપાની ચુંટણી લડવા ઇચ્છતા દાવેદારોને સાંભળવાનો આજે છેલ્લો દિવસ હોય, ભાજપ કાર્યાલય પર સતત ત્રીજા દિવસે શહેર કાર્યાલય પર કાર્યકરોનો મેળાવડો જામ્યો હતો. આજે બપોર સુધીમાં દાવેદારીની પ્રક્રિયા પુર્ણ કર્યા બાદ દાવેદારોના નામ પર ચર્ચા કરવા શહેર ભાજપની સંકલન મીટિંગ માટે ધારાસભ્યોને જાણ કરાઇ હતી. જો કે ચોક્કસ સમય અપાયો નહોતો તેથી બપોરે આવી ગયેલા ધારાસભ્યોને કલાકો સુધી રાહ જોવી પડી રહી હોય અમુક ધારાસભ્યોમાં નારાજગી દેખાઇ હતી. છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી દાવેદારોની રજુઆતો સાંભળવાની પ્રક્રિયામાં 30 વોર્ડની 120 બેઠકો માટે 2000થી વધુ દાવેદારોએ ટિકીટ માટે ઇચ્છા દર્શાવી હોય શુક્રવારે જે ધારાસભ્યોના મતવિસ્તારમાં જે વોર્ડ પડતા હોય તે ધારાસભ્ય અને તે વોર્ડના નિરિક્ષકો તેમજ સાંસદો અને શહેર સંગઠનના નેતાઓ વચ્ચે સંકલનની મીટિંગોનો દૌર ચાલ્યો હતો. આ સંકલનમાં મોટા ભાગે તમામ વોર્ડ માટે ત્રણ-ત્રણ પેનલ તૈયાર કરવામાં આવી છે. તો ભાજપના ગઢ મનાતા અમુક વોર્ડમાં ચાર ચાર નામોની પેનલના બદલે ધારાસભ્યોના સુચનો ધ્યાને રાખી પાંચ કે છ નામો પણ પેનલમાં સમાવાયા હોવાનું ભાજપના સુત્રો જણાવી રહ્યા છે. મોડી સાંજ સુધી ચાલેલી આ પ્રક્રીયા બાદ પેનલો તૈયાર થઇ હોય હવે આ પેનલો ડો. પ્રશાંત કોરાટ દ્વારા મોવડી મંડળ સમક્ષ મુકયા બાદ કોના નસીબમાં ટિકીટ લખાય છે તે નક્કી થશે.

## ચેમ્બર ઓફ કોમર્સની ચૂંટણી મુલતવી, હવે 3 મેના રોજ યોજાશે

**SMC** ચૂંટણીની આચાર સંહિતાની અસર

સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણી સુરત મહાનગર પાલિકાની ચૂંટણી ને કારણે પાછી ઠેલાઈ છે. આચારસંહિતા લાગુ પડતાં ચેમ્બરે ચૂંટણી મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે ચેમ્બર ઓફ કોમર્સની મેનેજિંગ કમિટીની ચૂંટણી 3 મેના રોજ યોજાશે. ચેમ્બરના સંચાલકો દ્વારા જણાવાયું હતું કે, સરકારી ચૂંટણીની આચાર સંહિતા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરસમજ કે નિયમભંગ ન થાય તે માટે આ નિર્ણય લેવાયો છે.

મેનેજિંગ કમિટીની ચૂંટણી એક અઠવાડિયા માટે પાછળ ઠેલાતા, તેની સીધી અસર ચેમ્બરના વાઈસ પ્રેસિડેન્ટ પદની ચૂંટણી પર પણ પડી છે. અગાઉ નક્કી સમય મુજબ યોજાવાની આ ચૂંટણી હવે નવી તારીખ મુજબ એક અઠવાડિયા મોડેથી યોજાશે. મેનેજિંગ કમિટીની 72 બેઠકો માટે 164 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ઈલેક્શન કમિટીના ચેરમેન વિજય મેવાવાલાના અધ્યક્ષ સાથે આજે ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં 10 ફોર્મ રદ કરવામાં આવ્યા હતા. ઉમેદવારોની ખોટી સહી, અધૂરું ફોર્મ, સહી કરવાનું ભૂલી જવા સહિતના કારણોસર લાઇફ મેમ્બર કેટેગરીમાં 8, ચીફ પેટ્રન અને ગોલ્ડ કેટેગરીમાં એક/એક ફોર્મ રદ થયાં છે. ફોર્મ ચકાસણી પછી પ્લેટિનમની એક બેઠક સામે 2, ગોલ્ડ કેટેગરીની 4 બેઠક સામે 5, પેટ્રનની 6 બેઠક સામે 11 અને લાઈફ મેમ્બર કેટેગરીમાં 44 બેઠકો સામે 123 ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. જ્યારે ચીફ પેટ્રનની 10 બેઠકો સામે 9 અને 6 રિજનલ બેઠકો માટે માત્ર 4 ઉમેદવારોએ જ ઉમેદવારી કરી હોવાથી આ બેઠકોની ચૂંટણી થશે નહીં. 11 મી એપ્રિલે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ છે. ત્યારે ચિત્ર સ્પષ્ટ થશે. પણ 26 એપ્રિલે થનારું મતદાન હવે 3 મે ના રોજ થશે.

## પેટ્રોકેમિકલ્સ પર શૂન્ય ડ્યુટી, કાપડ ઉદ્યોગના 5-10% બચશે

**40થી** વધુ પ્રોડક્ટ્સ પર 30 જૂન-2026 સુધી 0% ડ્યુટી

**યાર્ન-ફેબ્રિક** સસ્તું બનતાં સુરત સહિત MMF હબને મોટો લા

### રો મટીરિયલ પરની ડ્યુટી ઝીરો થતા સ્પિનર્સ યાર્નના ભાવો ઘટાડે : મયૂર ગોળવાલા

સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગકારોમાં આ નિર્ણયને લઈને ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. અગ્રણી વિવર્સ અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોલવાલાના જણાવ્યા મુજબ, કાચા માલનો ખર્ચ ઘટતા ઓર્ડર્સમાં વૃદ્ધિ થવાની સંભાવના છે અને ઉત્પાદન ક્ષમતા પણ વધશે. ક્રૂડના ભાવો વધુ હતા ત્યારે યાર્નના ભાવો વધ્યા હતા હવે ઝીરો ટકા ડ્યુટી થતા સ્પિનર્સો અને યાર્ન ડીલરોએ ભાવો ઘટાડવા જોઈએ. અને વિવર્સને આ ડ્યુટી ઘટાડાનો લાભ આપવો જોઈએ. જોકે, આ રાહત હાલ તાત્કાલિક છે, તેથી તેને લાંબા ગાળે યથાવત રાખવામાં આવે તો ઉદ્યોગને વધુ સ્થિરતા મળશે.

સુરત : કેન્દ્ર સરકારે પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે મહત્વપૂર્ણ રાહત આપતા 40થી વધુ પ્રોડક્ટ્સ પર કસ્ટમ્સ ડ્યુટી સંપૂર્ણ રીતે શૂન્ય (0%) કરી છે. આ નિર્ણય 30 જૂન 2026 સુધી માટે તાત્કાલિક ધોરણે લાગુ રહેશે. અગાઉ આ જ પ્રોડક્ટ્સ પર 5% થી 7.5% સુધીની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD) લાગતી હતી, જેના કારણે ટેક્સટાઈલ ઉદ્યોગના કાચા માલનો ખર્ચ ઊંચો રહેતો હતો.

અગાઉ પેટ્રોકેમિકલ્સ પર એક સરખો દર નહોતો, પરંતુ અલગ-અલગ પ્રોડક્ટ્સ પર જુદી જુદી ડ્યુટી લાગતી હતી. તેમાં બેઝિક કસ્ટમ્સ ડ્યુટી સિવાય કેટલીક વસ્તુઓ પર એન્ટી-ડમ્પિંગ ડ્યુટી તેમજ AIDC (એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ) પણ લાગતા હોવાથી કુલ ખર્ચ વધુ વધી જતો હતો. ટેક્સટાઈલ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ ગણાતા PTA, MEG અને પોલિએસ્ટર ચેઈન જેવા કાચા માલ પર સરેરાશ 5% જેટલી ડ્યુટી લાગતી હતી. કેટલીક કેમિકલ્સ અને પોલિમર્સ પર આ દર 7.5% સુધી પણ પહોંચતો હતો. ઉદ્યોગ લાંબા સમયથી આ ડ્યુટી ઘટાડવાની અથવા સંપૂર્ણ દૂર કરવાની માંગણી કરતો હતો. હવે સરકારે આ માંગણીને માન્યતા આપતાં આ પ્રોડક્ટ્સ પર 0% ડ્યુટી લાગુ કરી છે, જેના કારણે સીધી રીતે 5% થી 10% સુધીનો ખર્ચ ઘટાડો જોવા મળશે.

## ચેક રિટર્ન કેસમાં મંગલદીપ ફેશનનાં રાકેશ કુમાવતને છ માસની સજા

સુરત : ચેક રિટર્ન કેસમાં મંગલદીપ ફેશનનાં રાકેશ ચંદ્રરામ કુમાવતને છ મહિનાની સજા કોર્ટે ફટકારી હતી. તેમજ આરોપી હાજર નહીં રહેતાં વોરંટ જારી કરવામાં આવ્યું હતું. કતારગામ જીઆઈડીસીમાં મધુરમ એન્ટરપ્રાઈઝનાં નામથી જોબવર્કનું કામ કરતાં કિરીટ પાનસુરીયા પાસે આરોપી રાકેશ ચંદ્રરામ કમાવતએ જોબવર્ક કરાવ્યું હતું. જેનું પેમેન્ટ ૧૨,૦૪,૪૫૬ પેટે આરોપીએ ૧૧.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ જી જી રેતીવાલા મારફતે કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસમાં આરોપી સતત હાજર નહીં રહેતાં કોર્ટે આરોપીને તક્સીરવાર ઠેરવી છ માસની સાદી કેદની સજા ફટકારી હતી અને ચેકની બમણી રકમ ચુકવવાનો હુકમ કર્યો હતો. તેમજ આરોપી હાજર ન હોય વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

### બંગાળી સમાજના નામે નાણાં ખર્ચીને ટ્રેનમાં બેસાડીને

## સુરતથી 5000 બંગાળીને મતદાન માટે પ.બંગાળ લઈ જવાનો ભાજપનો વિવાદ



**કોઈપણ** રાજકીય પક્ષ પોતાના ખર્ચે મતદારોને લઈ જાય તો તે આચારસંહિતાનો ભંગ ગણાય, કેન્દ્રીય ચૂંટણી પંચ પર નજર

### બંગાળના SIRમાં જે નામો કપાયાં તેમાં સુરત વસતા બંગાળીઓને બચાવી લેવાયા?

આમ તો ભાજપ દ્વારા અગાઉ ઉત્તર પ્રદેશ અને બિહારની ચૂંટણીમાં પણ આવુ થયું હતું. હવે બંગાળની ચૂંટણીમાં એ જ સ્ટ્રેટેજી અપનાવાઇ હોય તેવી ચર્ચા છે. જો કે બંગાળમાં SIRમાં લાખો નામો કપાયા હોવા છતા આટલી મોટી સંખ્યામાં સુરતમાં વસતા બંગાળી લોકોના નામ બચી ગયા હોય તો બંગાળમાં થયેલી આ કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

### સુરત ભાજપ પ્રમુખનો સંપર્ક કરી શકાયો નહીં

પશ્ચિમ બંગાળમાં સુરતમાં વસતા બંગાળીઓને ભાજપના ખર્ચે લઈ જવાના મુદ્દે સુરત ભાજપ પ્રમુખનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ સંપર્ક કરી શકાયો નહોતો.

સુરત : એક તરફ પશ્ચિમ બંગાળમાં ચૂંટણીનો જંગ ખુબ કાતિલ બન્યો છે ત્યારે સુરત ભાજપ દ્વારા બંગાળી સમાજની સાથે મળીને સુરતથી 5000 બંગાળીઓને મતદાન માટે ટ્રેન મારફત પશ્ચિમ બંગાળ મોકલવાના આયોજનો કરવામાં આવતાં મોટો વિવાદ ઉભો થયો છે.

સુરત બંગાળી સમાજના વાસુદેવ અધિકારીએ મીડિયા સમક્ષ એવી પણ વાત કરી છે કે, જે લોકો આર્થિક રીતે નબળા હોય તે મતદાનથી વંચિત ન રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે પરંતુ સાથે સાથે આ રીતે મતદારોને રાજકીય પક્ષ લઈ જઈ શકે કેમ? તેવા આચારસંહિતા સંદર્ભના પ્રશ્નો ઉભા થયા છે.

જોવા જેવું છે કે, સુરતમાં વસતા અંદાજે 2.5 લાખ બંગાળી શ્રમિકોમાંથી મોટા ભાગના ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે, જે ભાજપ માટે મહત્વની વોટબેંક માનવામાં આવે છે. આ યોજના હેઠળ માત્ર માન્ય અને નોંધાયેલા મતદારોને જ લાભ મળે તેવા પ્રયાસો કરાયાના દાવાઓ કરવામાં આવ્યા છે અને દસ્તાવેજોની તપાસના નામે 1200થી 1500 ફોર્મ રદ પણ કરી દેવામાં આવ્યા છે, પરંતુ ભાજપના સમર્થકોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જેને કારણે વિવાદ સર્જાયો છે. મુસાફરી સંપૂર્ણ મફત રાખવામાં આવી છે અને તેના તમામ ખર્ચની બારોબાર વ્યવસ્થા થઈ રહી છે. આ રીતે મતદારોને મફતમાં વતન લઈ જવાનો મુદ્દો રાજકીય રીતે આચારસંહિતાના ભંગ સમાન છે. આ મામલે વિવાદ ઉભો થયો છે ત્યારે હવે કેન્દ્રીય ચૂંટણી પંચ શું કરે છે તે જોવું રહ્યું!

## ચોક બજાર વ્યસનમુક્તિ કેન્દ્રના કમ્પાઉન્ડ અને ડભોલીમાં પોલીસે જપ્ત કરેલાં વાહનોમાં આગ

સુરતઃ શુક્રવારે ચોક બજારસ્થિત વ્યસનમુક્તિ કેન્દ્રના કમ્પાઉન્ડમાં વેસ્ટ કચરો સળગાવવામાં આવ્યો હતો. જોતજોતામાં આગ પ્રસરી ગઈ હતી અને નજીકમાં મૂકેલી જીપ્સી કારમાં આગની ઝાળ લાગી જતાં વાહન ભડભડ સળગવા લાગી ગયું હતું. દરમિયાન ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતાં મુગલીસરા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર બળવંતસિંગે જણાવ્યા મુજબ તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે આગ આખા વાહનમાં પ્રસરી ગઈ હતી. તેના કારણે આખી જીપ્સી બળીને ખાખ થઈ ગઈ હતી. બાદ ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગ ઉપર ગણતરીની મિનિટ્સમાં જ કાબૂ મેળવી લીધો હતો. આગ લાગવાને કારણે આખું વાહન બળીને ખાખ થઈ ગયું હતું. બીજો એક બનાવ ડભોલી પોલીસ ચોકી પાસે બ્રિજ નીચે બન્યો હતો. જ્યાં પોલીસ દ્વારા જપ્ત કરાયેલા કંડમ ટેમ્પોમાં કચરો સળગાવવાને કારણે આગ ભભૂકી ઊઠી હતી. બનાવની જાણ થતાની સાથે જ ડભોલી ફાયર સ્ટેશનની ટીમે સ્થળ ઉપર પહોંચી ગણતરીની મિનિટ્સમાં જ આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો.

## ઉગત કેનાલ રોડ પર વીજ પોલ પર સમારકામ કરતા યુવકને કરંટ લાગ્યો

**ઘટનાની** જાણ થતા જ મોરાભાગળ ફાયર સ્ટેશનની ટીમ પણ બચાવ કામગીરી માટે સ્થળ પર દોડી આવી

સુરત : સુરતના ઉગત કેનાલ રોડ પર શુક્રવારે સાંજે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના વીજ પોલ પર સમારકામ દરમિયાન એક કર્મચારીને જોરદાર વીજ કરંટ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, વીજ પોલ પર સર્જાયેલા ફોલ્ટને સુધારવા માટે કર્મચારીઓની ટીમ સ્થળ પર પહોંચી હતી. સમારકામ દરમિયાન 35 વર્ષીય તેજસ ધનગર નામનો કર્મચારી પોલ પર ચઢીને કામગીરી કરી રહ્યો હતો, ત્યારે ફ્યુઝ બોક્સનો પાવર સપ્લાય ભૂલથી ચાલુ રહી જતા તેને એકાએક વીજળીનો જોરદાર ઝાટકો લાગ્યો હતો. સદનસીબે કર્મચારીએ સેફ્ટી બેલ્ટ પહેર્યો હોવાને કારણે તે નીચે પટકાયો નહોતો અને પોલ પર જ લટકી રહ્યો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો અને સહકર્મચારીઓ તાત્કાલિક તેની મદદે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ તેને પોલ પરથી સુરક્ષિત નીચે ઉતારી સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

આ અકસ્માતને પગલે ડીજીવીસીએલ દ્વારા પાળવામાં આવતા સલામતીના નિયમો સામે ગંભીર પ્રશ્નાર્થ સર્જાયો છે. નિયમ મુજબ જ્યારે પણ વીજ પોલ કે લાઈન પર સમારકામ કરવાનું હોય ત્યારે ફરજિયાતપણે વીજ સપ્લાય (પાવર કટ) બંધ રાખીને જ કામગીરી કરવાની હોય છે, પરંતુ આ કિસ્સામાં પાવર સપ્લાય કેમ ચાલુ રહ્યો તે એક તપાસનો વિષય બન્યો છે. ઘટનાની જાણ થતા જ મોરાભાગળ ફાયર સ્ટેશનની ટીમ પણ બચાવ કામગીરી માટે સ્થળ પર દોડી ગઈ હતી, જોકે ફાયરની ટીમ પહોંચે તે પહેલા જ સહકર્મચારીઓએ ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ભેગો કરી દીધો હતો. આ ઘટનાએ વીજ કંપનીના અધિકારીઓની બેદરકારી અને ફિલ્ડ પર કામ કરતા કર્મચારીઓની સુરક્ષા અંગેની નબળી મોનિટરીંગ વ્યવસ્થાને ખુલ્લી પાડી દીધી છે, જેને લઈને સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી સુરતી મોઢ વણિક સાર્વજનિક ટ્રસ્ટના નવા હોદ્દેદારો નિમાયા



મનહરભાઈ લાપસીવાળા | અરવિંદભાઈ ટી. મહેતા | શ્રીવાસભાઈ બી. ઘીવાળા | મુકેશભાઈ ટી. વરીયાવા | ધર્મેશભાઈ ડી. તમાકુવાળા | ભૂપેન્દ્રભાઈ ટી. હલવાવાળા

સુરતઃ શ્રી સુરતી મોઢ વણિક સાર્વજનિક ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળની તા. 28-03-2026ના રોજ મળેલી મીટિંગમાં ટ્રસ્ટીઓની હોદ્દેદાર તરીકે સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મનહરભાઈ લાપસીવાળા, તત્કાલિન નિ. પ્રમુખ તરીકે અરવિંદભાઈ ટી. મહેતા, ઉપપ્રમુખ તરીકે શ્રીવાસભાઈ બી. ઘીવાળા, મંત્રી તરીકે મુકેશભાઈ ટી. વરીયાવા, સહમંત્રી તરીકે ધર્મેશભાઈ ડી. તમાકુવાળા, ખજાનચી તરીકે ભૂપેન્દ્રભાઈ ટી. હલવાવાળા અને ટ્રસ્ટીઓ તરીકે બિપીનચંદ્ર લાપસીવાળા, ધીરજભાઈ તમાકુવાળા, જયવદનભાઈ બોડાવાળા, રમેશભાઈ ડુમસીયા, મુકેશભાઈ ગજ્જર, તનસુખભાઈ શાહ, અરવિંદભાઈ કાપડિયા, જીતેન્દ્રભાઈ ગોળવાળા, જયંતિભાઈ લાપસીવાળા, સંજયભાઈ લાપસીવાળા, મુકેશભાઈ મહેતા, સંજયભાઈ ગાંધી, હિમાંશુભાઈ કાબરાવાળા, દેવેન્દ્રભાઈ મુન્સફ તેમજ જયેશભાઈ ગાંધીનો સમાવેશ થાય છે.

### વિરમતીબેન એફ. શાહ સ્કૂલના વાર્ષિક સમારંભમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે દાનનો વરસાદ



સુરતઃ અમરોલી સ્થિત જીવન જ્યોત ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિરમતીબેન ફકીરચંદ શાહ પ્રાઇમરી સહિતની સ્કૂલોએ ભવ્ય વાર્ષિક ઇનામ વિતરણ સમારંભનો આયોજિત કર્યો હતો. પ્રિન્સિપાલ અંજનીબેન જાનીએ મહેમાનોનું સ્વાગત તેજલબેન દ્વારા સ્કુલ એક્ટિવિટીની રજુઆત થઈ. મુખ્ય મહેમાન તરીકે જાણીતા એન્જિનિયર હિમાંશુ શાહ તથા એન્જિનિયર કેશવભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના સભ્ય ભદ્રેશભાઈ શાહે મહેમાનોનો પરિચય અને ટ્રસ્ટના સ્થાપક કાંતિલાલ જીવણલાલ શાહના સંસ્મરણો યાદગાર રીતે વર્ણવ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ શાહ અને સેક્રેટરી અશ્વિનભાઈ પટેલે પણ પ્રેરણાત્મક સંબોધન આપ્યું હતુ. ગરીબ વિદ્યાર્થીઓ માટે ભદ્રેશભાઈ શાહે આનંદદાયક જાહેરાત કરી હતી. હિમાંશુ શાહ તથા કેશવભાઈ પટેલ દ્વારા પચાસ-પચાસ હજાર અને અમેરિકાના વસંતભાઈ શાહ દ્વારા રૂપિયા પચ્ચીસ હજાર, એમ કુલ સવા લાખ રૂપિયાનું દાન જાહેર કર્યુ હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિવિધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ જીર્ણોદ્ધાર ટ્રસ્ટને કલરટેક્સ પરિવાર તરફથી રૂ. 2.51 લાખનું દાન



સુરત : તાપી નદી તટ પર આવેલા પૌરાણિક કુરૂક્ષેત્ર મહાદેવ મંદિર અને હરિ ઓમ આશ્રમના સંગમ સ્થિત 'કુરૂક્ષેત્ર ધામ' સ્મશાનભૂમિ જીણોધ્ધાર ટ્રસ્ટને કલર ટેક્સ પ્રા. લિ., પાંડેસરાના જાણીતા ઉદ્યોગપતિ જયંતિભાઈ કબુતરવાળા પરિવાર દ્વારા રૂપિયા 2,51,000નું દાન આપવામાં આવ્યું છે. આ દાનથી સ્મશાનભૂમિ ખાતે ડાઘુઓની બેઠક વ્યવસ્થા, ગેસ શબરથ અને સંકળાયેલી સુવિધાઓના વિકાસમાં મદદ મળશે. ટ્રસ્ટ પ્રમુખ કમલેશભાઈ સેલરે જણાવ્યું કે દાતાઓના સહકારથી સ્મશાનગૃહને વધુ સુવિધાયુક્ત બનાવી રાજ્ય અને દેશના શ્રેષ્ઠ સ્મશાનગૃહ તરીકે વિકસાવવાની દિશામાં સતત પ્રયત્ન કરવામાં આવશે.

### સુરતમાં સંતશ્રી પીપા જી મહારાજની 703મી જન્મજયંતીની ઉજવણી

સુરત : શ્રી પીપા ક્ષત્રિય સમાજ મિત્ર મંડળ, સુરત દ્વારા રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલમાં સંતશ્રી પીપા જી મહારાજની 703મી જન્મજયંતિ અને હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગણેશ વંદના, હનુમાન ચાલીસાનો સામુહિક પાઠ અને પીપા જી મહારાજની આરતી કરવામાં આવી હતી. સમાજના વરિષ્ઠ સેવકો મેઘરાજ ગોયલ, કરણી દાન ગોયલ, ગણેશ બડગુજર, શ્રી પાલ ચૌહાણ, બનવારી દૈયા, શિવ ગોયલ, સંતોષ ગોયલ, ઓમપ્રકાશ ગોયલ, નેમચંદ્ર સોલંકી, શ્યામ ચૌહાણ, વિક્રમ કચ્છાવા, અનિલ સોલંકી, પ્રેમરતન કચ્છાવા, સ્વરૂપ જી ચૌહાણ, અખિલ ચૌહાણ, અક્ષય ગોયલનું સન્માન કરવામાં આવ્યું હતું.

### જૈન શાસનનું તપ એ ખાવાના ખેલ નથી: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ મલાડ (પૂર્વ)ના જીતેન્દ્ર રોડ સ્થિત શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં અભૂતપૂર્વ અને અવિસ્મરણીય નવપદ ભક્તિમહોત્સવ અંતર્ગત નવપદની શાશ્વતી આયંબિલની ઓળીનો રેકોર્ડ સ્થપાયો. જેમાં નવ દિવસ દરમ્યાન 4000 ઉપરાંત આયંબિલ તપની આરાધનામાં 325થી વધુ નવપદની ઓળીમાં આરાધકો જોડાયા. નાના બાળકોએ પણ રંગ જમાવ્યો. નવ દિવસના તપોત્સવ બાદ આજે પારણોત્સવ ઉજવાયો હતો. શ્રીમતિ પુષ્પાબેન હિમતલાલ શાહ પરિવારે તપ અને પારણાનો સંપૂર્ણ લાભ લીધો હતો. પારણાં વખતે તપસ્વીઓનું વિશિષ્ટ બહુમાન લાભાર્થી પરિવાર દ્વારા અને શ્રી સંઘ તરફથી પણ કરવામાં આવ્યું હતું. આ રૂડા અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે તપસ્વીઓ સમક્ષ જણાવ્યું હતું કે, જૈન શાસનનો તપ એ કોઈ ખાવાનો ખેલ નથી પણ ખાંડાના ખેલ સમાન છે. તપરૂપી તલવાર વડે કર્મરૂપી શત્રુઓના ડોકા ઊડાડવાના છે. વિઘ્નોની વણઝારને વિરામ આપવા માટે તપ કરવાનો છે.

### સહસ્ત્રફણા પાર્શ્વનાથ ટ્રસ્ટ દ્વારા મહાવીર જન્મદિવસની ઉજવણી કરાઈ

સુરતઃ શ્રમણ ભગવાન પ્રભુ મહાવીર સ્વામીના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી મહાવીર અન્નક્ષેત્ર (શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પ.ચેરી. ટ્રસ્ટ )દ્વારા ઉર્જા ભૂમિ ગોપીપુરાના માર્ગ ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં નીકળી હતી. જેમાં ગુરુભગવંતો ,જૈન પરિવાર ,જૈન શ્રેષ્ઠીઓ, તેમજ અજૈન પરિવારો પણ જોડાયા પ્રભુ મહાવીર નો નયનરમ્ય રથ આ શોભાયાત્રા નું કેન્દ્રબિંદુ બન્યો હતો. પ્રભુ મહાવીરનો જય જયકાર સમગ્ર ગોપીપુરા ભૂમિમાં ગુંજ્યો હતો. સમગ્ર ગોપીપુરામાં છાશ વિતરણ લાડવાનુ વિતરણ કરવામાં આવ્યું અને શ્રી મહાવીર અન્નક્ષેત્રના પટાંગણમાં ભવ્ય શાસન વંદના કરવામાં આવી હતી.